GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

ज्ञान: अध्ययन: परम्परा

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ની કલ્પના મુજબ શાળા શિક્ષણમાં લિંગ સંવેદનશીલતા


## ડૉ. મીના એમ. રાઠોડ, ડૉ. અશોકભાઇ પરમાર

એસોસીએટ પ્રોફેસર
શ્રી એ.સી. શુકલા પોસ્ટ ગ્રેજ્યુએટ
કોલેજ ઓફ એજ્યુ., મહેમદાવાદ

એસોસીએટ પ્રોફેસર
હિન્દી શિક્ષણ વિભાગ
ગૂ.વિ., અમદાવાદ


## *પ્રસ્તાવના*

*National Education Policy - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ ભારતમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા તેમજ શિક્ષણનું નિયમન કરવા માટે ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલી નીતિ છે. જે સમગ્ર ભારતમાં પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચશિક્ષણનો સમાવેશ કરવામાં આવે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ નું લક્ષ્ય આપણા દેશના વિકાસ માટે જરૂરી આવશ્યકતાઓની પૂર્તિ કરવાનું છે. "સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો (Sustainable Development Goals) 2030 (સંયુક્ત રાષ્ટ્રો) ના લક્ષ્યાંક ક્રમાંક - ૪ માં પ્રતિબિંબિત અને ભારત દ્વારા ૨૦૧૫ માં અપનાવાયેલ વૈશ્વિક શૈક્ષણિક વિકાસ કાર્યસૂચિ આ પ્રમાણે છે. વર્ષ 2030 સુધીમાં વિશ્વના બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગુણવતાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવનપર્યંત અધ્યયન માટેની તકોને પ્રોત્સાહન આપવું." આવો ઉચ્ચ ધ્યેય સિધ્ધ કરવા માટે સમગ્ર શિક્ષણ પ્રણાલીના માળખાનું નવેસરથી તૈયાર કરવું પડશે જેથી વધુ અસરકારક અધ્યયન કૌશલ્ય વિકાસ કરી શકાય અને સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંક 2030 ના બધા ધ્યેયો પ્રાપ્ત કરી શકાય.*

<u>શાળા શિક્ષણમાં લિંગ સંવેદનશીલતા</u>

રાષ્ટ્રીય શિક્ષણ જાતિ-૨૦૨૦ ના વિભાગ-૧ શાળા શિક્ષણના મુદ્દા નં-૪ શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપન શાસ્ત્રના ૪.૨૩ નંબરના પેટા મુદ્દા અભ્યાસક્રમમાં આવશ્યક વિષયો કૌશલ્યો અને ક્ષમતાઓનું સંકલન મુદ્દામાં “જાતીયતા પ્રત્યે સંવેદનશીલતા” વિષયને અભ્યાસક્રમમાં આવશ્યક વિષય તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ, શાળા શિક્ષણમાં લિંગ સંવેદનશીલતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

<u>લિંગ</u> (Sex)

જીવશાસ્ત્રીય અને શારીરિક દ્રષ્ટિએ સ્ત્રી અને પુરુષ તરીકેનો તફાવત એ લિંગ છે. જેને આધારે સ્ત્રી જાતિ-સ્ત્રીલિંગ અને પુરુષ જાતિ-પુરુષ લિંગની ઓળખ નક્કી થાય છે. લિંગ એ જૈવિક વર્ગીકરણ છે અને જેન્ડર એ સમાજીક વર્ગીકરણ છે જૈવિક રીતે લિંગભેદ હોવો એક બાબત છે અને તેના લીધે સામાજીક ભૂમિકામાં ફરક પડવો એ બીજી બાબત છે.

“Sex is a biological term, which refers to biological difference between man and woman”

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS
GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

લિંગ એ જીવશાસ્ત્રીય પરિભાષા છે, જે સ્ત્રી અને પુરુષ વચ્ચેની જૈવશાસ્ત્રીય ભિન્નતાને દર્શાવે છે.

**જાતિ** (Gender)

જેન્ડર એટલે સ્ત્રી અને પુરુષના લક્ષણો - એટલે કે પુરુષત્વ (masculinity) અને સ્ત્રીત્વ (Femininity) પુરુષત્વ પુરુષોચિત લક્ષણોને સૂચિત લક્ષણોને સૂચિત કરે છે, આમ જેન્ડર એ સામાજિક રીતે ઘડતર પામતી સંકલ્પના છે.

"Gender is a matter of culture if refers to the social classification of man and woman in to masculine and Feminine Gender has no biological origin."

"જાતિ એ સાંસ્કૃતિક બાબત છે જે સ્ત્રી અને પુરુષનું સ્ત્રીત્વ અને પુરુષત્વ એમ સામાજીક વિભાજન કરે છે. તેને કોઈ જૈવશાસ્ત્રીય આધાર નથી."

"જાતીયતા સામાજીક સંબધો દ્વારા પેદા કરાયેલી બંન્ને લિંગની માટે લાદવામાં આવેલી સામાજિક ભિન્નતા છે" અહીં તેઓએ જેન્ડરને જૈવશાસ્ત્રીય દ્રષ્ટિકોણને અલગ તારવી બતાવ્યો: જાતિ એ વિશાળ અર્થમાં સ્ત્રી અને પુરુષોના વર્તનો, લાક્ષણિકતાઓ અને ભૂમિકા વિશે સમાજમાં વ્યાપ્ત અપેક્ષાઓ અને ધોરણોનો નિર્દેશ કરે છે.

**જાતિ સંવેદનશીલતા**

"સમાજને અસ્વીકાર્ય એવા કેટલાક અસામાજીક કૃત્યો વારંવાર દોહરાવાના કારણે તેને સહજભાવે જોવામાં આવે છે. સ્ત્રી પર અત્યાચાર એની સંવેદનાને છિન્નભિન્ન કરી નાંખે છે." આવા અત્યાચારો સામેની સંવેદનશીલતાને બુઠ્ઠી ન જ બનવા દેવાય બલ્કે, એવું શું કરી શકીએ કે આવી ઘટનાઓ બને જ નહીં ! સ્ત્રીઓ હર એક સ્થળે સુરક્ષા અને સલામતીનો અનુભવ કરી શકે. વિકાસ સાધે અને સામાજમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન આપે. શાળા, કુટુંબ અને સમાજ આ દિશામાં ચોક્કસ પગલાં ભરી શકે તેમ છે. જો અટકાવ અસરકારક હશે તો સમાજ સ્વયં એક પ્રત્યેક વ્યક્તિને વિકસવાની સમાન તકો પૂરી પાડી શકશે. બસ, આ જ સંવેદનશીલતા તરફની સમજ એટલે જાતિ સંવેદનશીલતા તરફનું વિધાયક વલણ.

"જાતિ સંવેદનશીલતા જાતિ સમાનતા અને જાતિ સભાનતાને ઉત્તેજિત કરવા માટેની વર્તન સુધારણને રજુ કરે છે."

- જતીનકુમાર શર્મા (માર્ચ ૨૦૧૬)

"જાતિ સંવેદનશીલતા એ આપણી પોતાની જાત વિશે અને બીજી જાતિના લોકો તરફના આપણા વિચારોમાં સમજનું પ્રત્યારોપણ કરવા તેમજ વર્તન બદલવા સાથે સંબધિત છે"

"જાતિ સંવેદનશીલતા એટલે સ્ત્રી અને પુરુષ બંનેની જરૂરિયાતો, તેમને ભજવવાની ભૂમિકા, અદા કરવાની જવાબદારી અને બંન્નેની મર્યાદા અંગે સભાનતા કેળવવી."

જાતિ સંવેદનશીલતાની સંકલ્પના વ્યાપક અને વિશાળ છે તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- "પ્રથમ તો જાતિ સંવેદનશીલતા એ સ્ત્રીઓને પુરુષની વિરુધ્ધ મૂકતી નથી બલ્કે, તેનું શિક્ષણ બંને લિંગ(સ્ત્રી અને પુરુષ)ના ફાયદા માટે છે. જાતિ સભાનતા માટે પણ બૌધ્ધિક પ્રયાસો જ નહી, પણ સંવેદના અને ખુલ્લા માનસને કેળવવાની પણ જરૂર રહે છે.
- જાતિ સંવેદનશીલતા, સંવેદનશીલતા જાગૃતિ કાર્યક્રમો, તાલીમ કેન્દ્રો, કાર્યશાળાઓ અને કાર્યક્રમો યોજીને સિધ્ધ કરી શકાય.

https://www.gapbhasha.org/

- જાતિ સંવેદનશીલતાના સિધ્ધાંતો જણાવે છે કે, જે શિક્ષકો અને માતા-પિતાએ આ તાલીમ લીધી હતી તેઓમાં બાળકો પ્રત્યે જાતિ સમાનતાનું વલણ જોવા મળતું હતું.
- જાતિ સંવેદનશીલતા શારીરિક તફાવતોની અવગણના કરતું નથી, પણ બંન્ને જાતિઓને સમાન રીતે સન્માન અપાય, સરખી રીતે વ્યવહાર કરાય અને સરખું મૂલ્ય અંકાય તેવું વાતાવરણ સર્જવા માટેનું વલણ અને માનસિકતા કેળવાય તેવી જવાબદારીનું વહન કરાવે છે.

**જાતિ સંવેદનશીલતાના વિકાસમાં શિક્ષણની ભૂમિકા**

- જાતિગત સંવેદનશીલતા તરફ લોકો જાગૃત થાય તે માટે શિક્ષણ કેવા પ્રકારની ભૂમિકા ભજવી શકે તે હેતુને ધ્યાનમાં રાખીને ૧૯૯૫ માં બેઈજિંગ(ચીન) ખાતે મળેલી ચોથી વિશ્વ મહિલા પરિષદે માર્ગદર્શક પગલાઓની જાહેરાત કરી હતી અને પાયાના લક્ષ્યાંકો નક્કી કર્યા હતા.
- મહિલાઓને શિક્ષણ મેળવવાની સમાન તક મળે તે માટે ખાતરી આપવી.
- મહિલા નિરક્ષરતા નાબૂદ કરવી.
- મહિલાઓને પ્રાપ્ય વ્યવસાયિક તાલીમોમાં વિજ્ઞાન તથા પ્રદ્યોગિકીનું શિક્ષણ આપવું.
- નિરંતર શિક્ષણમાં સુધારો કરવો.
- સ્ત્રી-પુરુષની શારીરિક ભિન્નતાને કારણે સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવ ન હોવો જોઈએ. આ સમજણ જાતિ આધારિત સમજણના પાયામાં છે. જાતિ સંવેદનશીલતા પ્રતિ જાગૃત કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

**ઉપસંહાર**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં શાળાશિક્ષણમાં જાતીય સંવેદનશીલતાના સંદર્ભમાં શાળા શિક્ષણ મહત્વનો ભાગ ભજવી શકે છે. લિંગ અને જાતિની સમજણ જાતિ સંવેદનશીલતા સમજવામાં મદદરૂપ થાય છે. જાતિ સંવેદનશીલતા અર્થાત સ્ત્રી અને પુરુષ બંનેની આવશ્યકતા એમના વડે નિભાવવામાં આવતી ભૂમિકા અને જવાબદારી બંનેની મર્યાદાઓની સમાનતા જાણવી. મુખ્યત્વે સમાજમાં પ્રવર્તમાન જાતીય સંવેદનશીલતાના મૂલ્ય અભિવૃતિ તેમજ માનસિકતા મહિલાઓના વિકાસ દ્વારા સમાજનો વિકાસ કરવા માટે સ્ત્રી-પુરુષના વચ્ચે અસમાનતા જલદી થી જલ્દી જાગૃતતાપૂર્ણ દૂર કરવાનું કાર્ય છે. શાળા શિક્ષણમાં લિંગ સંવેદનશીલતાની સમજણ હોવી ખૂબજ જરૂરી છે. આ માટે પ્રથમ પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકોમાં જો જાતીય અંગેની સભાનતા, સમજણ હશે તો તેઓ પોતાના વિદ્યાર્થીઓને જાતિ પ્રત્યે સભાન બનાવી શકશે. સમાજમાં જાતિ સંવેદનશીલતાની જાગૃતિ લાવી શકાશે. શાળેય પાઠ્યક્રમોમાં પણ જાતીય ભેદ અને સ્ત્રી પુરુષ અસમાનતા દૂર કરવામાં વિશેષ પ્રયત્નો પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકો દ્વારા થાય તે ખૂબ જરૂરી છે.

## સંદર્ભસૂચિ

[1] **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020** માનવસંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર.

[2] **જાતીય શાળા અને સમાજ** ડૉ. સ્મીતા ત્રિવેદી નીરવ પ્રકાશન, અમદાવાદ.

[3] **જાતીય શિક્ષણ અને સમાજ** ડૉ. વી.વી. બારૈયા અને ડૉ. એચ.પી. પટેલ પ્રતીક પ્રકાશન, આણંદ

[4] **जातीयताःविद्यालय एवं समाज** डॉ. अशोक परमार S.R.S.D. Memorial Shiksha Sodh Sansthan, Agra, U.P., India.

https://www.gapbhasha.org/